સીઓટી/આઈટી/ડ્રા.લા/રીન્યુ/ઓન ૩૪૭૫

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નં ૬, બીજે માળ,

ડૉ. જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર -6 JUN 2018

પ્રતિ,

આરટીઓ/એઆરટીઓ તમામ

વિષય:- ડ્રાઇવિંગ લાયસન્સ કોઇપણ કચેરીમાં રીન્યુ કરવા બાબત

ગુજરાત રાજ્યની તમામ આરટીઓ કચેરીમાં હાલમાં જે કચેરીમાંથી અરજદારે ડ્રાઇવિંગ લાયસન્સ લીધેલ હોય ત્યાં જ અરજદારે સારથી-૪ સોફ્ટવેરમાં parivahan.gov.in WEBSITE ઉપર જરૂરી દસ્તાવેજો UPLOAD કરી SLOT BOOKING માંથી તારીખ અને સમય નિશ્ચિત કરી આરટીઓ કચેરીમાં ડ્રાઇવિંગ લાયસંસ રીન્યુ માટે જવું પડે છે.

અરજદારે ડ્રાઇવિંગ લાયસન્સ મેળવ્યા બાદ અરજદાર નોકરી, લગ્ન, ધંધા, રોજગાર અર્થે મૂળ કાર્યક્ષેત્રની બહાર જવું પડે છે અને તે વખતે જો અરજદારનું ડ્રાઇવિંગ લાયસન્સ પૂરૂ થઇ જાય તો તેને મૂળ કચેરીમાં ડ્રાઇવિંગ લાયસન્સ રીન્યુ કરવા માટે આવવું પડે છે.અરજદારના નાણાં શક્તિ અને સમયનો દુર્વ્યય થાય છે. આ સંજોગોમાં જ્યારે ટેક્નોલોજીકલ વિકલ્પ ઉપલબ્ધ છે ત્યારે રીન્યુ પધ્ધતિ અંગે પુન:વિચારણા કરવી જરૂરી જણાય છે.

હાલમાં સારથી-૪ માં ડ્રાઇવિંગ લાયસન્સ ધરાવનાર અરજદારોનો ડેટા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાને સગવડ ઉપલબ્ધ કરાવવા માટે તા.૭/૬/૧૮ થી અરજદાર કોઇપણ આરટીઓ કચેરીમાં ડ્રા.લા. રિન્યુ કરાવી શકશે તેમજ નામ પણ બદલાવી શકશે. પરંતુ આ પ્રક્રીયા દરમ્યાન કોઇપણ કચેરી મુળ લાયસંસનો મુળ ડ્રા.લા.નંબર, ડ્રા.લા.માં હયાત વર્ગ, જન્મ તારીખ, ઇસ્યુ તારીખ બદલી શકશે નહીં.

અરજદારે parivahan.gov.in WEBSITE ઉપર જે કચેરીમાં ડ્રા.લા. રીન્યુ કરાવવા જવું હોય તે કચેરી સિલેક્ટ કરી તે કચેરીમાં જરૂરી એપોઇંટમેંટ લેવાની રહેશે.

સદર બાબતે દરેક આરટીઓ અધિકારીએ વધારેમાં વધારે, મિડિયા દ્વારા જાહેર જનતાને જાણ કરવાની રહેશે.

Akhil Gujarat Truck Transport Association

Rec. Dt. : 07-06-2018

વાહન વ્યવહાર કમિશ્નર

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

૧) અંગત સચિવ શ્રી, મંત્રીશ્રી (વાહન વ્યવહાર) નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,બીજો માળ, સચિવાલય,ગાંધીનગર-

૨) અંગત સચિવ શ્રી, રાજ્યકક્ષા મંત્રી (વાહન વ્યવહાર) નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૨,બીજો માળ, સચિવાલય,ગાંધીનગર-382010